પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 06-09-2024 Midday : 2.30 to 2.35

Day : Friday Regional News

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

‘

PM-JAL SANCHAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, જળ સંચય એ માત્ર નીતિ વિષયક મુદ્દો નથી, સામાજિક જવાબદારી પણ છે. સુરતમાં જળ સંચય જન ભાગીદારી પહેલનો વર્ચ્યુઅલી પ્રારંભ કરતા પ્રધાનમંત્રી મોદીએ આપણી આગામી પેઢીઓ માટે સાતત્યપૂર્ણ ભાવિ સુનિશ્ચિત કરવા જન ભાગીદારી પર ભાર મૂક્યો હતો.

તેમણે જણાવ્યું કે, જ્યારે આપણી ભાવિ પેઢીઓ આપણું મૂલ્યાંકન કરશે ત્યારે પાણી પ્રત્યેનો આપણો અભિગમ પ્રથમ માપદંડ હશે. તેમણે જણાવ્યું કે પાણી એ માનવતાના ભાવિનું જીવન છે. જળસંચય માટે ગુજરાત સરકારે કરેલા કાર્યોનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ આ પ્રમાણે જણાવ્યું...

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલે રાજ્યવ્યાપી જળ સંચય જન ભાગીદારી પહેલનો પ્રારંભ કર્યો હતો. આ

પહેલનો હેતુ રાજ્યભરમાં આશરે 24 હજાર 800 રેઇનવોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચરનું નિર્માણ કરવાનો છે.

GUJ.Gaming Activity

રાજ્યના વિવિધ શહેરોમાં સ્વતંત્ર ગેમીંગ એક્ટિવિટી એરિયા અને શોપીંગ મોલ તેમજ શોપીંગ કોમ્પ્લેક્ષ જેવા કોમર્શિયલ બાંધકામોમાં પણ ગેમીંગ એક્ટિવિટી વધી રહી છે ત્યારે સરકારે ગેમીંગ એક્ટિવિટી એરિયા માટેના પ્લાનીંગ રેગ્યુલેશનની મહત્વની જોગવાઈઓ CGDCRમાં કરવાનો નિર્ણય લીધો છે.

તાજેતરમાં રાજકોટ ટી.આર.પી. ગેમ ઝોન અગ્નિકાંડને પગલે  રાજ્યમાં જાહેર સલામતી, જાહેર સુરક્ષા અને જાહેર હિતને ધ્યાને લઈને આ નિર્ણય લીધો છે.

ગેમીંગ એક્ટિવિટી એરિયા અને કોમર્શિયલ બાંધકામમાં થતા ગેમીંગ એક્ટિવિટી એરિયા માટે અલગ અલગ પ્લાનીંગ રેગ્યુલેશનની જોગવાઈઓ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે CGDCRમાં આ અંગેની જે જોગવાઈઓ કરી છે તેમાં ગેમીંગ એક્ટિવિટી એરિયાના બાંધકામ માટે રસ્તાની પહોળાઈ, મિનિમમ એરિયા, બાંધકામની ઊંચાઈ, પાર્કિંગ, સલામતીના ઉપાયો તથા લેવાની થતી વિવિધ પ્રકારની NOCની વિસ્તૃત જોગવાઈઓનો સમાવેશ થાય છે.

સ્વતંત્ર ગેમીંગ એક્ટિવિટી માટેના પ્લોટમાં જાહેર સલામતીને ધ્યાને રાખીને અલગ અલગ એન્ટ્રી તથા એક્ઝિટ, ઇમરજન્સી એક્ઝિટ અને રેફ્યુજ એરીયાની જોગવાઇઓ પણ કરવામાં આવી છે. ગેમીંગ ઝોન એક્ટિવિટીના સ્થળે BU સર્ટિફિકેટ, ફાયર NOC તથા અન્ય તમામ લાયસન્સ, સર્ટિફિકેટ,  NOC, પરમિટ વગેરે પ્રદર્શિત કરવાના રહેશે એવું પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

આ નવા રેગ્યુલેશનમાં સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે, અગાઉ મેળવેલી વિકાસ પરવાનગી/ બી.યુ. પરવાનગીવાળા બાંધકામોમાં ઉપયોગ શરૂ કરતાં પહેલાં નવા રેગ્યુલેશન અનુસાર નવેસરથી પરવાનગી મેળવી લેવાની રહેશે.

પરવાનગી વિના વપરાશ ચાલુ કર્યો હોય તો તેના માટે દંડ લેવાની જોગવાઇ પણ CGDCRના નવા રેગ્યુલેશન્સમાં કરવામાં આવી છે.

## TARNETAR LOK MELO

સુરેન્દ્રનગર જિલ્લામાં આજથી વિશ્વવિખ્યાત તરણેતરના લોકમેળાનો શુભારંભ થયો છે. થાનગઢ તાલુકાના તરણેતર ગામમાં યોજાતા આ મેળામાં ચોટીલા ધારાસભ્ય, જિલ્લા કલેક્ટર સહિતના મહાનુભાવોએ પશુ પ્રદર્શનનો રીબીન કાપી પ્રારંભ કરાવ્યો હતો અને પશુ પ્રદર્શન નિહાળી પશુપાલકો સાથે વાત કરી હતી. પશુપાલન ખાતાના અધિકારીઓએ પશુ હરીફાઈના વિવિધ પાસાઓ, પશુઓની વિવિધ જાત સહિતની બાબતો વગેરે અંગે બધાને માહિતગાર કર્યા હતા.

તરણેતર ગ્રામ પંચાયત આયોજિત આ લોકમેળામાં ત્રણ દિવસીય પશુ પ્રદર્શન હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. અને પશુપાલકોને પ્રોત્સાહન મળી રહે તે માટે ૩૭ લાખ ૯૧ હજાર રૂપિયાના ૨૨૧ ઈનામો વિવિધ કેટેગરીમાં આપવામાં આવશે. પશુ પ્રદર્શનમાં 'ચેમ્પિયન ઓફ ધ શો'ને એક લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૮થી પશુ પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે.

## Rain State

દક્ષિણ ગુજરાત ઉપરાંત કચ્છ, સૌરાષ્ટ્ર ઝોન અને પૂર્વ-મધ્ય ગુજરાતમાં પણ વરસાદે વિરામ લીધો છે. જ્યારે, ઉત્તર ગુજરાતના કેટલાંક જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન મહેસાણાના વિજાપુર અને સાબરકાંઠાના તલોદ તાલુકામાં સૌથી વધુ પાંચ ઇંચથી વધુ વરસાદ વરસ્યો છે. સાબરકાંઠાના પ્રાંતિજ અને ગાંધીનગરના માણસા તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

ગત ૨૪ કલાકમાં સાબરકાંઠા જિલ્લામાં સરેરાશ બે ઇંચથી વધુ અને મહેસાણા, પાટણ તેમજ બનાસકાંઠા જિલ્લામાં એક ઈંચ કરતા પણ વધારે વરસાદ નોંધાયો છે. જ્યારે સમગ્ર ઉત્તર ગુજરાતમાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

બનાસકાંઠાના પાલનપુર અને ડિસા, પાટણના રાધનપુર, સાબરકાંઠાના હિંમતનગર, મહેસાણા તેમજ આણંદ તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

આજે સવારે ૬ વાગ્યા સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૨૦ ટકાથી

વધુ નોંધાયો છે. કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૧૮૩ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૨૮ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૧૨૨ ટકા પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૧૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૦૪ ટકાથી વધુ મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો છે.

આજે સવારે છ વાગ્યાથી 12 વાગ્યા સુધીમાં સૌથી વધુ ત્રણ ઇંચ વરસાદ માણસામાં અને પોણા ત્રણ ઇંચ વરસાદ દહેગામ તાલુકામાં પડ્યો છે.

અમારા મહેસાણાના પ્રતિનિધી જણાવે છે કે, ઉપરવાસમાં વરસાદને પગલે ધરોઈ ડેમમાં 7778 ક્યુસેક પાણીની આવક થઈ રહી છે અને ડેમ 66 ટકા ભરાઈ ગયો છે. ડેમની સપાટી 612.46 ફૂટે પહોંચી છે.

GUJ. POSHAN MAH

સમગ્ર દેશમાં ચાલુ મહિનો સાતમો રાષ્ટ્રીય પોષણ માસ તરીકે ઉજવાઇ રહ્યો છે. રાજ્યભરમાં મહિલા અને બાળકલ્યાણ વિભાગ દ્વારા પોષણ માસની ઉજવણી અંતર્ગત એનિમિયા, ગ્રોથ મોનિટરીંગ, પૂરક આહાર, પોષણ ભી- પઢાઈ ભી, સુશાસન માટે ટેકનોલોજી અને પર્યાવરણ સંરક્ષણ જેવી વિવિધ પોષણલક્ષી વિષયવસ્તુ આધારિત કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે..જેમાં એનિમિયા જાગૃતિ સંદર્ભે અત્યાર સુધી ૮ કરોડથી વધુ પ્રવૃત્તિઓ યોજાઈ છે અને આંગણવાડી કેન્દ્રોમાં ૬ વર્ષ સુધીના ૮ કરોડ ૫૭ લાખ જેટલા બાળકોની આરોગ્ય ચકાસણી કરાઈ છે.